# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬ તા.૨૬-૦૫-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા ૨૦૨૩-૨૪ બાબત

સંદર્ભ :- જાહેરનામા ક્રમાંક : રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા /૨૦૨૩-૨૪/૫૭૬૯-૫૮૭૭ તા.૧૦-૦૫-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા ધો.૧ થી ૮ સરકારી શાળામાં અભ્યાસ કરી ધો.૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા તમારી શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા યોજના અમલમાં છે. સદર પરીક્ષામાં ભાગ લેવાની તારીખ તા.૩૧-૦૫-૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ છે. તો આ સાથે સામેલ સંદર્ભિત પત્રનો અભ્યાસ કરી વધુને વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે અને સરકારશ્રીની જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજનાનો લાભ લે તેવું આયોજન તમારી કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૬-૦૫-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી

# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## "જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા -૨૦૨૩-૨૪"

**જાહેરનામા ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૩-૨૪/૫૭૬૯-૫૮૭૭** **તા:૧૦/૦૫/૨૦૨૩**

**વંચાણે લીધા :**

(૧) શિક્ષણ વિભાગના તા:૦૬/૦૫/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH

(૨)કમિશ્નર શાળાઓની કચેરી,ગાંધીનગરના,તા.૧૦/૫/૨૦૨૩ના પત્ર ક્રમાંક:ઘ/અનદ-3/માધ્ય/જ્ઞા.સા. સ્કો.યો/૨૦૨૩/૬૨૧૭-૧૮

ધોરણ- ૧ થી ૮માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮ નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં વર્ગની સંખ્યાના ૨૫%ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ તેવા બંને પ્રકારના વિદ્યાર્થીઓના વાલીની જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા વખતે આવક આરટીઈ એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા કરતા ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિધાર્થીઓને મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત તમામ બોર્ડ સાથે સંલગ્ન સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે, તે માટે આવા ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને ધોરણ- ૯ થી ૧૨ સુધી તેમના પસંદગી મુજબના સ્વનિર્ભર શાળાઓમાં અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાની નવી **'જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના'** અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનામાં દર વર્ષે નવા ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરીને તેમને ધોરણ-૯ થી ૧૦ સુધીના અભ્યાસ દરમ્યાન વાર્ષિક રૂ! ૨૦,૦૦૦ અને ધોરણ-૧૧ થી ૧૨ સુધીના અભ્યાસ દરમ્યાન વાર્ષિક રૂ! ૨૫,૦૦૦ની સ્કોલરશીપ આપવામાં આવશે.

આ જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટે યોજાનાર "જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા" રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનું ઠરાવવામાં આવેલ છે. આ પરીક્ષા નીચેની વિગતે યોજવામાં આવશે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:.૧૧/૦૫/૨૦૨૩ (બપોરે ૦૩:૦૦ કલાક) થી તા.૨૬/૦૫/૨૦૨૩ (રાત્રીના ૧૨:૦૦ કલાક) દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

➢ **<u>પરીક્ષાનો કાર્યક્રમ :</u>**

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડવાની તારીખ | ૧૦/૦૫/૨૦૨૩ |
| ૨ | વર્તમાનપત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિદ્ધ થવાની તારીખ | ૧૧/૦૫/૨૦૨૩ |
| 3 | વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૧૧/૦૫/૨૦૨૩ (બપોરે ૦૩:૦૦ કલાક) થી ૨૬/૦૫/૨૦૨૩ (રાત્રીના ૧૨:૦૦ કલાક) |
| ૪ | પરીક્ષા ફી | નિઃશુલ્ક |
| ૫ | પરીક્ષાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૩ |

❖ **<u>કસોટીમાં બેસવા માટેની પાત્રતા :</u>**

a) **<u>સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ નો સળંગ અભ્યાસ કરી ધોરણ-૮</u>** માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય,

**અથવા**

b) આરટીઈ એક્ટ ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી)ની જોગવાઈ હેઠળ **<u>સ્વનિર્ભર શાળાઓમાં ૨૫% ની મર્યાદામાં જે તે સમયે ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૮માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય,</u>**

c) **<u>અને ઉપર (a) અને (b)ના</u>** કિસ્સામાં જેઓના વાલીની **<u>આવક આરટીઈ એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા હાલ શહેરી વિસ્તાર માટે રૂ! ૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર) અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ! ૧,૨૦,૦૦૦ (એક લાખ વીસ હજાર) કરતા વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ</u>** કસોટી આપી શકશે.

❖ **<u>પરીક્ષા ફીઃ-</u>**

➢ જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા માટે કોઇપણ ફી રહેશે નહી.

❖ **<u>કસોટીનું માળખુ:</u>**

➢ આ પરીક્ષા બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (**Multiple Choice Question-MCQ Based**) રહેશે.

➢ આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૨૦ ગુણનું તથા સમય ૧૫૦ મિનિટનો રહેશે.

➢ પરીક્ષાનું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી ભાષામાં રહેશે.

➢ પરીક્ષામાં નીચે મુજબના વિષય તથા ગુણભાર રહેશે.

| **કસોટીનો પ્રકાર** | **પ્રશ્નો** | **ગુણ** | **સમય** |
|---|---|---|---|
| (૧) MAT બૌધ્ધિક યોગ્યતા કસોટી | ૪૦ | ૪૦ | ૧૫૦ મિનિટ |
| (૨) SAT શૈક્ષણિક યોગ્યતા કસોટી | ૮૦ | ૮૦ | |

➢ જો કોઇ કિસ્સામાં વિદ્યાર્થીઓનું એકસરખુ ગુણાંકન (મેરીટ) આવે ત્યારે પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ નકકી કરવાની આખરી સત્તા રાજય પરીક્ષા બોર્ડની રહેશે.

➢ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને 30 મિનિટનો વધારાનો સમય મળવાપાત્ર થશે.

❖ **અભ્યાસક્રમ:**

➢ MAT બૌધ્ધિક યોગ્યતા કસોટીના ૪૦ પ્રશ્નો શાબ્દીક અને અશાબ્દીક તાર્કીક ગણતરીના રહેશે. આ પ્રશ્નોમાં સાદ્રશ્ય (Analogy), વર્ગીકરણ (Classification), સંખ્યાત્મક શ્રેણી (Numerical Series), પેટર્ન (Pattern Perception) , છુપાયેલી આકૃતિ (Hidden Figure) વિષય આધારિત પ્રશ્નો રહેશે.

➢ SAT શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૮૦ પ્રશ્નોમાં ધોરણ-૮ ના ગણિત-૨૦ ગુણ, વિજ્ઞાન-૨૦ ગુણ અને સામાજિક વિજ્ઞાન-૧૫ ગુણ, અંગ્રેજી-૧૦ ગુણ, ગુજરાતી-૧૦, હિન્દી-૫ ગુણ વિષયનો સમાવેશ થશે.

- અભ્યાસક્રમ ધોરણ-૮ નો ઉપરોક્ત વિષયનો રહેશે.

❖ **પરીક્ષા કેન્દ્ર:**

➢ પરીક્ષા માટે નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યમાં જે તે તાલુકામાં કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. વિદ્યાર્થીએ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વ ખર્ચે પરીક્ષા આપવા ઉપસ્થિત રહેવાનું રહેશે.

❖ **કસોટીનું પરિણામ અને કામચલાઉ મેરીટ લિસ્ટ**

➢ આ પરીક્ષાનું પરિણામ રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

➢ જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં Cut Off કરતાં વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરને યાદી સુપ્રત કરવામાં આવશે.

- ઉપર મુજબની યાદી પૈકીના બાળકોના દસ્તાવેજોની ખરાઈ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ નિયામકશ્રી, શાળાઓની સૂચના અનુસાર કરવાની રહેશે.
- તે ખરાઈ પછી જે વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે પાત્ર થાય છે તેવા બાળકોના કામ ચલાઉ મેરીટ લિસ્ટ (Provisional Merit List) નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવશે.
- રાજ્ય કક્ષાની આ યાદી તૈયાર કરતી વખતે શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે. અને દરેક કેટેગરીમાં ૫૦% લાભાર્થી કન્યાઓ રહેશે.

❖ **<u>ફાઈનલ મેરીટ લિસ્ટ જાહેર કરવાની પ્રક્રિયા</u>**

- નિયામકશ્રી, શાળાઓ દ્વારા કામચલાઉ મેરીટ લિસ્ટ તૈયાર થયા બાદ તે જાહેર કરવાની રહેશે.
- જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટે સ્વનિર્ભર શાળાઓની પસંદગી માટેના ધારાધોરણો શિક્ષણ વિભાગ દ્વારા અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે.
- સાથે સાથે સંબંધિત વિદ્યાર્થીઓના વાલીને નિયત સમયમર્યાદામાં રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં ધોરણ - ૯ માં પ્રવેશ મેળવીને તે અંગેની એન્ટ્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજનાના પોર્ટલમાં કરવા માટે જણાવવામાં આવશે.
- વિદ્યાર્થીઓની રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં પ્રવેશ મેળવવાની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીઓની અને તેમના વાલીઓની રહેશે અને તે બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા નિયામકશ્રી, શાળાઓની કોઇ જવાબદારી રહેશે નહીં.
- કામચલાઉ મેરીટ લિસ્ટ જાહેર થયા બાદ તે લિસ્ટમાં આવેલ વિદ્યાર્થીઓ રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં પ્રવેશ માટે અરજી કરે તો તેમને શાળા દ્વારા સહાનુભૂતિપુર્વક વિચારણા કરવાની રહેશે.
- વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમની પસંદગી મુજબની સ્વનિર્ભર શાળાઓમાંપ્રવેશ મેળવી શકે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તેમની સંલગ્ન શાળાઓ માટે જરૂરી છુટછાટ આપી શકાશે.
- નિયામકશ્રી શાળાઓ દ્વારા વિકસાવવામાં આવેલ જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના પોર્ટલમાં વિદ્યાર્થીના વાલી દ્વારા આ પ્રકારે નિર્ધારીત સમયમર્યાદામાં રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં પ્રવેશ મેળવી તે બબતે સંલગ્ન પુરાવાઓ સાથે એન્ટ્રી કરવાની રહેશે.
- આ પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓની ફાઈનલ મેરીટ લિસ્ટ (Final Merit List) નિયામકશ્રી, શાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવશે.

## ❖ **ઓનલાઈન અરજી કરવાની રીત :**

1) આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:.૧૧/૦૫/૨૦૨૩ (બપોરે 03:00 કલાક) થી તા.૨૬/૦૫/૨૦૨૩ (રાત્રીના ૧૨:૦૦ કલાક) દરમિયાન http://www.sebexam.org પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. વિદ્યાર્થીએ અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
2) અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.
3) સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
4) સરકારી/અનુદાનિત શાળાના વિદ્યાર્થી માટે ફોર્મ ભરવાની વ્યવસ્થા શાળા દ્વારા પણ કરવાની રહેશે.
5) સૌ પ્રથમ http://www.sebexam.org પર જવું.
6) “Apply Online” પર Click કરવું.
7) Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Adhar UDI નાખવાનું રહેશે. જેથી વિગતો AUTO FILL જોવા મળશે. જે તપાસી બાકીની વિગતો વિદ્યાર્થીએ ભરવાની રહેશે. (અહીં લાલ(*) કુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
8) Confirm Application પર Click કરવાથી વિદ્યાર્થીની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ વિદ્યાર્થીએ સાચવવાનો રહેશે. વિદ્યાર્થીએ બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
9) વિદ્યાર્થી ગુજરાતી કે અંગ્રેજી પૈકી જે માધ્યમ પસંદ કરશે તે માધ્યમમાં પ્રવેશ પરીક્ષા આપી શકશે.

## ❖ **અગત્યની સુચનાઓ-**

1. આ સ્કોલરશીપ પરીક્ષા માટે ઓનલાઇન ફોર્મ જ માન્ય રહેશે.
2. સ્કોલરશીપ પરીક્ષાના મેરીટના આધારે યાદીતૈયાર કરવામાં આવશે.
3. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહશે.
4. http://www.sebexam.org વેબસાઇટ પરથી આ સ્કોલરશીપ પરીક્ષાના આવેદન પત્રો ઓનલાઇન ભરી શકાશે.
5. ઓનલાઇન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઇ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી તેમજ અન્ય વિગત માટે વિદ્યાર્થી પોતે જ જવાબદાર રહેશે.

6. આ પરીક્ષા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો વિદ્યાર્થી દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા વિદ્યાર્થીના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે. પરીક્ષાલક્ષી તમામ બાબતો માટે અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડનો નિર્ણય આખરી રહેશે.
7. વિદ્યાર્થી ઈચ્છે તો વેબસાઇટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખી શકશે.
8. હોલ ટીકીટની જાણકારી આપના રજીસ્ટર મોબાઇલમાં એસ.એમ.એસ. દ્વારા જાણ કરવામાં આવશે અથવા આપના દ્વારા www.sebexam.org વેબસાઇટ ચેક કરતા રહેવુ પડશે. અને આપની શાળા દ્વારા પણ જાણ કરવામાં આવશે.
9. વિદ્યાર્થી હોલ ટીકીટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સુચનાઓ વિગતવાર અભ્યાસ કરવો. હોલટીકીટ સાથે પરીક્ષા વખતે આપવામાં આવતી OMR શીટના નમુના પર છાપેલ તમામ સુચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખુબ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઇ ગુંચવણ ઉભી ન થાય.
10. હોલ ટીકીટની કોપી કાઢયાબાદ વિદ્યાર્થીઓને શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાના આચાર્યશ્રીના સહી, સિકકા તેમજ બાળકે પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો હોલ ટીકીટ પર ચોટાડવાનો રહેશે.
11. રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાઇ રહેલ આ પરીક્ષા બાબતે વિદ્યાર્થીને લાલચ કે છેતરપીંડી આચારે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઇપણ જાતની લાગવગ લાવનાર વિદ્યાર્થીને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
12. અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હોવું જરૂરી છે. જે અધિકૃત અધિકારી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.
13. વિદ્યાર્થી વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢીને જરૂરી આધારો જેવા કે, જાતિ પ્રમાણપત્ર,અધિકૃત અધિકારી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે. **વિદ્યાર્થીના વાલીની આવકનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. આ કસોટીની પાત્રતા માટે [શહેરી વિસ્તાર માટે વાલીની આવક રૂ. ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર) અને ગ્રામ્ય વિસ્તાર માટે વાલીની આવક રૂ. ૧,૨૦,૦૦૦/- (એક લાખ વીસ હજાર)] આ અગત્યની બાબત હોય પાત્રતા ધરાવતા હોય તો જ ફોર્મ ભરવા સલાહ છે. અધિકૃત અધિકારીશ્રી દ્વારા આપેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.**
14. વિદ્યાર્થી પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
15. આ શાળાઓમાં ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ ની જોગવાઇ મુજબ નક્કી થયેલ ફી જ્ઞાન સાધના સ્કોલરશીપની રકમ કરતા વધારે હોય તો તે વધારાની રકમ ચૂકવવાની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીના વાલીની રહેશે.

16. ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થી કોઈપણ ધોરણમાં નાપાસ થાય અથવા તો શાળા છોડી જાય તો આ  યોજનાનો લાભ મળતો બંધ થશે.
17. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા માત્ર પરીક્ષા લેવામાં આવશે. શિષ્યવૃત્તિની સહાય માટે નિયામકશ્રી શાળાઓની સૂચના મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ:૧૦/૦૫/૨૦૨૩

**<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂઃ</u>**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ. ( સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારૂ)
- જનરલ મેનેજરશ્રી,ઇન્ડેક્ષ-બી, ઉધોગ ભવન,ગાંધીનગર.

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

**ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે જ્ઞાન સાધના સ્કૉલરશીપ યોજના**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૦૬/૦૫/૨૦૨૩**

**પ્રસ્તાવના:-**

ધોરણ - ૧ થી ૮ માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ- ૮ નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં વર્ગની સંખ્યાના ૨૫% ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ તેવા બંને પ્રકારના વિદ્યાર્થીઓના વાલીની આવક જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા વખતે આરટીઈ એક્ટ, ૨૦૦૯ ની કલમ ૧૨ (૧) (સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા કરતા ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે રાજ્યમાં કાર્યરત તમામ બોર્ડ સાથે સંલગ્ન રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે, તે માટે ગુજરાત રાજ્યના આવા તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે પ્રસ્તાવનામાં દર્શાવ્યા મુજબ, તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને ધોરણ- ૯ થી ૧૨ સુધી રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાની નવી યોજના અમલમાં મૂકવાનું નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

**યોજનાનું નામ** – આ યોજનાનું નામ **'જ્ઞાન સાધના સ્કૉલરશીપ યોજના'** રહેશે.
**યોજનાના લાભો** – દર વર્ષે નવા ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરીને તેમને ધોરણ - ૯ થી ૧૦ સુધીના અભ્યાસ દરમ્યાન વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ અને ધોરણ - ૧૧ થી ૧૨ સુધીના અભ્યાસ દરમ્યાન વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ ની સ્કોલરશીપ આપવામાં આવશે.

**યોજનાની માર્ગદર્શક સૂચનાઓ અને શરતો :-**

**1. જ્ઞાન સાધના સ્કૉલરશીપ યોજનાના અમલીકરણની જવાબદારી**

જ્ઞાન સાધના સ્કૉલરશીપ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામકશ્રી, શાળાઓ રહેશે.



eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, Gujarat
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-May-2023 (03:37 PM)

**2. લાભાર્થી નક્કી કરવા માટેની જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા**

a) જ્ઞાન સાધના સ્કોલરશીપનો લાભ મેળવવા માટે ધોરણ – ૮ માં અભ્યાસ કરતાં અથવા ધોરણ – ૮ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા દર શૈક્ષણિક વર્ષમાં આયોજિત થનાર **જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા** આપવાની રહેશે.

b) સદર પરીક્ષાનો અભ્યાસક્રમ, પરીક્ષાનું માળખું, આનુષાંગિક તમામ નિતી નિયમો રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવશે.

**3. જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા**

a) સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા ધોરણ ૧ થી ૮ નો સળંગ અભ્યાસ કરી ધોરણ- ૮ મા અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય,

અથવા

b) આરટીઈ એક્ટ, ૨૦૦૯ ની કલમ ૧૨ (૧) (સી) ની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ૨૫% ની મર્યાદામાં ધોરણ -૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૮ માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય,

c) ઉપર a) અને b) ના કિસ્સામાં જેઓના વાલીની આવક જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા વખતે આરટીઈ એક્ટ, ૨૦૦૯ ની કલમ ૧૨ (૧) (સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા કરતા વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે.

**4. જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ અને કામચલાઉ મેરીટ લિસ્ટ**

a) જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં Cut Off કરતાં વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરને સુપ્રત કરવાની રહેશે.

b) ઉપર મુજબની યાદી પૈકીના બાળકોના દસ્તાવેજોની ખરાઈ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ નિયામકશ્રી, શાળાઓની સૂચના અનુસાર કરવાની રહેશે.

c) તે ખરાઈ પછી જે વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે પાત્ર થાય છે તેવા બાળકોના કામચલાઉ મેરીટ લિસ્ટ (Provisional Merit List) નિયામકશ્રી, શાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવશે.

d) રાજ્ય કક્ષાની આ યાદી તૈયાર કરતી વખતે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણ મુજબ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે અને દરેક કેટેગરીમાં ૫૦% લાભાર્થી કન્યાઓ રહેશે.

**5. જ્ઞાન સાધના સ્કોલરશીપ માટેનું ફાઈનલ મેરીટ લિસ્ટ જાહેર કરવાની પ્રક્રિયા**

a) નિયામકશ્રી, શાળાઓ દ્વારા કામચલાઉ મેરીટ લિસ્ટ તૈયાર થયા બાદ તે જાહેર કરવાની રહેશે.

b) જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટે સ્વનિર્ભર શાળાઓની પસંદગી માટેના ધારાધોરણો શિક્ષણ વિભાગ દ્વારા અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે.



eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, Gujarat
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-May-2023 (03:37 PM)

c) સાથે સાથે સબંધિત વિદ્યાર્થીઓના વાલીને નિયત સમયમર્યાદામાં રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવીને તે અંગેની એન્ટ્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજનાના પોર્ટલમાં કરવા માટે જણાવવામાં આવશે.

d) વિદ્યાર્થીઓની રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં પ્રવેશ મેળવવાની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીઓની અને તેમના વાલીઓની રહેશે અને તે બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા નિયામકશ્રી, શાળાઓની કોઈ જવાબદારી રહેશે નહિં.

e) કામચલાઉ મેરીટ લિસ્ટ જાહેર થયા બાદ તે લિસ્ટમાં આવેલ વિદ્યાર્થીઓ રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં પ્રવેશ માટે અરજી કરે તો તેમને શાળા દ્વારા સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવાની રહેશે.

f) વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમની પસંદગી મુજબની સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ મેળવી શકે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તેમની સંલગ્ન શાળાઓ માટે જરૂરી છુટછાટ આપી શકાશે.

g) નિયામકશ્રી, શાળાઓ દ્વારા વિકસાવવામાં આવેલ જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના પોર્ટલમાં વિદ્યાર્થીના વાલી દ્વારા આ પ્રકારે નિર્ધારીત સમયમર્યાદામાં રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં પ્રવેશ મેળવી તે બાબતે સંલગ્ન પુરાવાઓ સાથે એન્ટ્રી કરવાની રહેશે.

h) આ પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનું ફાઈનલ મેરીટ લિસ્ટ (Final Merit List) નિયામકશ્રી, શાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવશે.

## 6. જ્ઞાન સાધના સ્કૉલરશીપની ચુકવણીની પ્રક્રિયા

a) આ યોજના હેઠળ સ્કૉલરશીપની ચુકવણી નિયામકશ્રી, શાળાઓ દ્વારા Direct Benefit Transfer થી સીધા વિદ્યાર્થીઓના વાલીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

b) નિયામકશ્રી, શાળાઓ દ્વારા જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટેના પોર્ટલમાં વિદ્યાર્થીઓના વાલી દ્વારા રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની શાળામાં પ્રવેશ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત ખરાઈ કરાવવાની રહેશે.

c) તે ખરાઈ કર્યા પછી તુરંત જ સંબધિત વિદ્યાર્થીઓના વાલીના ખાતામાં તેઓને મળવાપાત્ર સ્કોલરશીપની ૫૦% રકમ Direct Benefit Transfer દ્વારા નિયામકશ્રી, શાળાઓએ ચૂકવી આપવાની રહેશે.

d) સ્કોલરશીપની બીજા હપ્તાની ૫૦% રકમ શૈક્ષણિક વર્ષના બીજા સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીના પહેલા સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરી ના આધારે ચૂકવવાની રહેશે.

e) જ્યારે આ વિદ્યાર્થી બીજા વર્ષે ધોરણ - ૧૦ મા પહોચશે ત્યારે ધોરણ – ૯ ના બીજા સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરી ના આધારે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ બીજા વર્ષની સ્કોલરશીપના ૫૦% પહેલાં હપ્તાની રકમ ચૂકવવાની રહેશે.



eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, Gujarat
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-May-2023 (03:37 PM)

f) અને ધોરણ - ૧૦ ના પહેલાં સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરીના આધારે બીજા સત્રની શરૂઆતમાં જ સ્કોલરશીપના બીજા હપ્તાની રકમ ચૂકવવાની રહેશે.

g) આ જ કાર્યપ્રણાલી પછીના બે વર્ષોમાં એટલે કે ધોરણ - ૧૧ અને ધોરણ - ૧૨ મા પણ સ્કોલરશીપની ચૂકવણી વખતે લાગુ કરવામાં આવશે.

h) આ શાળાઓમાં ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ ની જોગવાઈ મુજબ નક્કી થયેલ ફી જ્ઞાન સાધના સ્કોલરશીપની રકમ કરતા વધારે હોય તો તે વધારાની રકમ ચૂકવવાની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીના વાલીની રહેશે.

**7. અન્ય શરતો**

a) ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસ દરમ્યાન કોઈપણ ધોરણમાં વિદ્યાર્થી નાપાસ થાય અથવા તો શાળા શિક્ષણ છોડી દે અથવા વિદ્યાર્થી સામે કોઈ પણ ગંભીર પ્રકારના નિયમોનુસાર શિસ્ત વિષયક પગલાઓ લેવામાં આવે તો આ યોજનાનો લાભ તેમને મળતો બંધ થશે.

b) શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેથી જો કોઈ વિદ્યાર્થી શાળા બદલવા ઈચ્છે તો તે બાબતે નિયત ફોર્મમાં જ્ઞાન સાધના સ્કોલરશીપ પોર્ટલમાં અરજી કરવાની રહેશે. આ બાબતે નિયામકશ્રી, શાળાઓ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

આ યોજનાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩- ૨૪ થી કરવાનું રહેશે.

આ હૂકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૫/૦૫/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, Gujarat
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-May-2023 (03:37 PM)

**(હિતેશ ગોહિલ)**
**નાયબ સચિવ**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રદ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.અને મા.શિ), શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર – ૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨,ગાંધીનગર.
- સચિવ શ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ. (નિયામકશ્રી, શાળઓની કચેરી મારફતે)
- વિભાગની સર્વે શાખાઓ.
- સેક્શન અધિકારી, આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ( આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, Gujarat
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-May-2023 (03:37 PM)